# મૃત્યુ મીમાંસા




સંપાદક : ડૉ. મુકુંદભાઈ એચ. પટેલ

MRUTYU MIMANSA
by
Dr. Mukundbhai Haribhai Patel

ISBN : 978-93-5108-726-7

(c) શ્રીમતી મંજુલાબેન મુકુંદભાઈ પટેલ
૧૨, શ્રીજી બંગલોઝ, કઠવાડા રોડ,
નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦

સંપાદક : ડૉ. મુકુંદભાઈ હરિભાઈ પટેલ
અમદાવાદ
મો. ૯૮૨૪૦ ૧૩૯૯૩

પ્રકાશક : બાબુભાઈ હાલચંદ શાહ.
પાર્શ્વ પબ્લિકેશન
૧૦૨, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી ગામની રેલવે ફાટક
સામે,
અમદાવાદ-૩૮૦૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૪૨૪૮૦૦

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી-૨૦૧૭

પ્રત : ૫૦૦

મૂલ્ય : રૂ. ૩૦૦/-

મુદ્રક : શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ
૬, રંભા કોમ્પલેક્ષ, ગૂજરાત વિદ્યાપીઠ સામે,
ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ-૧૪
ફોન : ૦૭૯-૨૭૫૪૧૩૦૬

## ૮. મૃત્યુ અને આપણે



> "દુનિયામાં કોઈ ખરો અતિથિ હોય તો તે કેવળ મૃત્યુ જ છે, કોઈએ ન બોલાવ્યું હોય, કોઈએ ન ધાર્યું હોય ત્યારે તે હાજર થઈ જાય છે."
>
> \- વિ.સ.ખાંડર


નામ : પ્રો. ડી. કે. પટેલ (બી.કૉમ., એમ.કૉમ.)
વ્યાખ્યાતા, એકાઉન્ટન્સી / કૉમર્સ
બી.પી.બી.આર્ટ્સ એન્ડ એમ.એચ.જી.કૉમર્સ કૉલેજ, ઊંઝા
ઈમેલ : dkpatel1967@yahoo.in
મોબાઈલ : ૯૪૨૭૦૫૯૮૩૧


મૃત્યુ ભયજનક છે એવું નથી, બલ્કે મારી નજર સામે જે કંઈ દેખાય છે એ મારે છોડી દેવાનું છે એને કારણે મૃત્યુ ભયજનક લાગે છે. હું મૃત્યુ પામું ત્યાં મારી પાછળ કોઈ નહીં આવી શકે. આ રસ્તો જ એવો છે. આવવા ઈચ્છે તો પણ ફાવી નહીં શકે. કવિ કલાપીએ સાચું જ કહ્યું છે,-

**હું જાઉં છું હું જાઉં છું ત્યાં આવશો કોઈ નહિ,**
**સો સો દીવાલો બાંધતા ત્યાં ફાવશો કોઈ નહિ.**

જન્મ એક દરવાજો છે, જ્યાંથી આ દુનિયામાં હું આવ્યો છું. દુનિયામાં આવ્યા પછી જિંદગી નામના રસ્તા પર આજીવન ચાલતો રહ્યો છું. હવે એ રસ્તો મને મૃત્યુ નામના એક બીજા દરવાજા તરફ લઈ જઈ રહ્યો છે. દરવાજો સાવ નિકટ છે એ દરવાજામાંથી કોઈ હાથ લાંબો કરીને મને બોલાવી રહ્યું છે. કોણ હશે એ ? શક્ય છે કે હું જ્યારે મૃત્યુના દ્વારની પેલી પાર જાઉં કે તરત જ સેંકડો લોકો ઊભા હશે મને સત્કાર આપવા માટે કે હું જિંદગી કેવી જીવ્યો? જેમ કોઈ ક્રિકેટર રમત રમે છે અને સારા રન કરીને આવે ત્યારે સેંકડો લોકો તાળીઓના ગડગડાટથી એને વધાવી લે છે એમ હું સારી જિંદગી જીવ્યો હોઈશ તો મને પણ સેંકડો લોકો વધાવવા ઊભા હશે અને જો બદબૂ ભરેલી જિંદગી જીવ્યો હોઈશ તો મૃત્યુ પછીની દુનિયામાં સત્કારવા ઉભેલા લોકો જ મારા પોસ્ટરો સળગાવશે.